# 22

**રાજ્યમાં બિનસરકારી બિન અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવાની દરખાસ્તો**

*15/4/1255 **શ્રી અમિત ઠાકર** (વેજલપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ થી બિનસરકારી બિન અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવાની રાજ્ય સરકારને કેટલી દરખાસ્તો મળી, | (૧) ૧૨૩ |
| (૨) | તે પૈકી કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી, અને | (૨) ૯૦ |
| (૩) | નામંજૂર કરેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નામંજૂરીના કારણો ક્યાં છે? | (૩) પત્રક અ મુજબ |

<u>પત્રક –અ</u>

| ક્રમ | નામંજૂરના કારણો |
|---|---|
| (૧) | શાળા સંચાલક મંડળે સૂચિત શાળા મકાનનો ભાડા કરાર નોટરાઈઝ્ડ રજૂ કરેલ છે. જ્યારે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ, તા.૧૬/૦૯/૨૦૧૯ અને તા.૧૯/૧૧/૨૦૧૯ ના સુધારા વિનિયમ-૯(૧૩)(૪)(૧) અને (૨) મુજબ શાળા મકાનનો ભાડા કરાર રજીસ્ટર્ડ રજૂ કરવાની જોગવાઈ છે. તે મુજબ રજૂ કરેલ ન હોય. |
| (૨) | શાળા સંચાલક મંડળે સૂચિત શાળા રમત-ગમતના મેદાનનો ભાડા કરાર નોટરાઈઝ્ડ રજૂ કરેલ છે. જયારે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ, તા.૧૬/૦૯/૨૦૧૯ અને તા.૧૯/૧૧/૨૦૧૯ ના સુધારા વિનિયમ-૯(૧૩)(૪)(૧) અને (૨) મુજબ શાળા રમત-ગમતના મેદાનનો ભાડા કરાર રજીસ્ટર્ડ રજૂ કરવાની જોગવાઈ છે. તે મુજબ રજૂ કરેલ ન હોય. |
| (૩) | શાળા મંડળે સૂચિત નવી શાળા માટે રજૂ કરેલ આધારો ધ્યાને લેતાં શાળાના મકાન અને શાળાના રમત-ગમતના મેદાનની જમીનની માલિકીના હક પુરવાર થતા ન હોય. |
| (૪) | શાળા સંચાલક મંડળે સૂચિત શાળા શહેરી વિસ્તારમાં જરૂરિયાત મુજબના મેદાનના જે આધારો રજૂ કરેલ છે. તે ધ્યાને લેતાં, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ, તા.૧૬/૦૯/૨૦૧૯ અને તા.૧૯/૧૧/૨૦૧૯ ના સુધારા મુજબ વિનિયમ-૯(૧૩)(૪)(૧) મુજબ શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માગતા ટ્રસ્ટ/મંડળએ શાળાના મકાનનો વિસ્તાર, પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માર્જીનની જમીન બાદ કર્યા બાદ, રમત-ગમતનું મેદાન લઘુત્તમ ૮૦૦ ચો.મી. ના માપનું હોવું જોઈએ જેના આધારો રજૂ કરેલ નથી/રજૂ કરેલ છે તેમાં રમત-ગમતના મેદાનનું માપ ૮૦૦ ચો.મી. કરતાં ઓછું હોય. |
| (૫) | શાળા સંચાલક મંડળે સૂચિત શાળા ગ્રામ્ય વિસ્તારમાં જરૂરિયાત મુજબના મેદાનના જે આધારો રજૂ કરેલ છે. તે ધ્યાને લેતાં, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ, તા.૧૬/૦૯/૨૦૧૯ અને તા.૧૯/૧૧/૨૦૧૯ ના સુધારા મુજબ વિનિયમ-૯(૧૩)(૪)(૧) મુજબ ગ્રામ્ય વિસ્તારમાં શાળા શરૂ કરવા માગતા ટ્રસ્ટ/મંડળએ શાળાના મકાનનો વિસ્તાર, પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માર્જીનની જમીન બાદ કર્યા બાદ, રમત-ગમતનું મેદાન લઘુત્તમ ૧૫૦૦ ચો.મી. ના માપનું હોવું જોઈએ જેના આધારો રજૂ કરેલ નથી/રજૂ કરેલ છે તેમાં રમત-ગમતના મેદાનનું માપ ૧૫૦૦ ચો.મી. કરતાં ઓછું હોય. |
| (૬) | શાળા મંડળે સૂચિત નવી શાળા માટે રજૂ કરેલ આધારો ધ્યાને લેતાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ, તા.૦૪/૦૮/૨૦૧૧ ના સુધારા મુજબ વિનિયમ-૯(૧૩)(૧૧) મુજબ શાળા મકાન માટે મંજુર કરેલ મકાન બાંધકામનો નકશો સક્ષમ સત્તાધિકારી દ્વારા મંજૂર કરેલ રજૂ કરેલ ન હોય. |

| | |
|---|---|
| (૭) | શાળા મંડળે સૂચિત નવી શાળા માટે રજૂ કરેલ આધારો ધ્યાને લેતાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ, તા.૦૪/૦૮/૨૦૧૧ ના સુધારા મુજબ વિનિયમ-૯(૧૩)(૧૧) મુજબ શાળા મંડળ દ્વારા શાળા મકાનના ઉપયોગમાં લેવા માટે સક્ષમ સત્તાધિકારીનું મકાન વપરાશનું પ્રમાણપત્ર (સક્ષમ સત્તાધિકારી દ્વારા અપાયેલ બી.યુ.પી.) રજુ કરેલ ન હોય. |
| (૮) | શાળા સંચાલક મંડળે સૂચિત નવી શાળા માટે રજૂ કરેલ આધારો ધ્યાને લેતા શાળા મકાન અને રમત-ગમતના મેદાન માટે દર્શાવેલી જમીન બિનખેતી થયાના કોઇ આધાર પુરાવાઓ રજૂ કરેલ ન હોય. |

----------------------------------------